# ભાવાંજલિ

સૌના હિતની ખેવના કરતા અને પ્રેમ, સદ્‌ભાવ અને કરુણાની સાક્ષાત મૂર્તિ એવા સ્વ. રોહિતભાઈ કોઠારીના દેહાવસાનના સમાચારે આંચકો આપ્યો. ઉત્કૃષ્ટ સાહિત્યના સર્જક એવા સારસ્વતોના વિચારોને શબ્દદેહે શણગારનારા આ શિલ્પીની આકસ્મિક વિદાય વસમી બની છે. મુદ્રણાલય ક્ષેત્રે પ્રામાણિકતા અને નિષ્ઠાપૂર્વક, ચોક્સાઈ અને સમયપાલનના આગ્રહી એવા કાર્યકુશળ સાધક રોહિતભાઈનું વ્યક્તિત્વ પ્રેમાળ, વાણી મધુર, વિચાર શુદ્ધ, વર્તન નમ્ર અને વ્યવહાર સ્પષ્ટ હતો. સૌને આદરપૂર્વક સન્માનવાની એમની જીવનરીતિ હતી. એમની કર્મઠતા હૃદયસ્પર્શી હતી. દિવ્ય સંપત્તિ અને દિવ્ય ઐશ્વર્યથી સુસંપન્ન એવો એમનો પવિત્ર આત્મા માનવદેહને દિવ્ય બનાવવા માટે જ હતો અને એ જ એમનો જીવનમંત્ર હતો.

વ્યસ્ત જીવનમાંથી પણ ગૃહસ્થાશ્રમના સર્વ કર્તવ્ય તેઓએ બજાવ્યા છે. સંયમ, ક્ષમા, અહિંસા, નમ્રતા, વિવેક, ધૈર્ય, સહિષ્ણુતાના ગુણોથી સભર રોહિતભાઈએ પરિવારને ભારતના તમામ સૌન્દર્યધામો અને પવિત્ર સ્થાનોની મુલાકાત કરાવી અમૃતપાન કરાવ્યું છે. પ્રવાસના શોખીન અને સ્વભાવે સાહસિક રોહિતભાઈએ જોવાલાયક સ્થાનોને કેમેરામાં કંડાર્યા છે અને પરિચિતોને માર્ગદર્શન પણ આપ્યું છે. રોહિતભાઈનો ગૃહસ્થાશ્રમ પૂણ્યની પરબ સમાન અનુભવ્યો છે. સંતાનોમાં સંસ્કારોનું સિંચન કરવામાં જીવન સમર્પિત કર્યું છે. અતિથિઓના સત્કાર માટે તેઓના હૃદયદ્વાર અને ગૃહદ્વાર નિત્ય ખુલ્લા રહ્યા છે. હંમેશા ઈશ્વરે ચીંધેલા માર્ગે ચાલવાના આગ્રહી, સૌને મમત્ત્વની દૃષ્ટિથી જોનારા, માનવતા અને નૈતિકતાસભર વ્યક્તિત્વ ધરાવતા સ્વ. રોહિતભાઈનું જીવન આપણી પ્રેરણા અને બળ બને એ જ સાચી શ્રદ્ધાંજલિ બનશે. ૐ શાંતિ... શાંતિ... શાંતિ... :

**– મદનમોહન વૈષ્ણવ**

**માનાર્હ મંત્રી - માનવતા વિકાસ અને કલ્યાણ ટ્રસ્ટ**